જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૬/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૬૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૭૧ લીટર દેશી દારૂ, ૧૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૮૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૭ બીયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૬૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૬૨/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ નૈમેષભાઈ પ્રવિણભાઈ ઠક્કર (ઉ.વ.૪૨)(રહે.સહજાનંદ એપાર્ટમેન્ટ ગુરુકુળ રોડ સ્ટરલીંગ હોસ્પીટલની બાજુમાં વસ્ત્રાપુર) એ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન નૈમેષભાઈ ઠક્કરનો મોબાઈલ ફોન હેક કરી તેમની જાણ બહાર ઓનલાઈન યૂ.ટી.આર નંબરથી કુલ રૂપિયા ૧,૧૦,૨૦૦/– અજાણી વ્યક્તિના Indian Bank ના ખાતા નંબર 8303878698 તથા Bandhan Bank ના ખાતા નંબર 20200140663408 તથા 0000123265787950 ના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ, નૈમેષભાઈ ઠક્કર સાથે છેંતરપીંડીં કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.ચૌધરી ચલાવે છે.

ખોખરાઃ નિમેષભાઈ ભુપેન્દ્રભાઈ પૌણીકર (ઉ.વ.૨૫)(રહે.કોલંબાસ્વામી સોસાયટી, લાલભાઈ સેન્ટર પાસે, ભાઈપુરા, ખોખરા) એ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નાયેમ હુસેનખાન (રહે.માસ્જીદ બાલીચક્ક મુંન્ડીયા સહિ જતની ખોરધા ઓરીસ્સા) તથા (૨) ચંદ્રકાંત નારણદાસ પંચાલ (રહે.દિવ્યજીવન લાઈફ સ્ટાઈલ દીપક સ્કુલ સામે નિકોલ) એ ભેગામળી નિમેષભાઈ પૌણીકરને વિશ્વાસમાં લઈ તેમનો MODEL-SONY FX3 તથા MODEL-SONY M4 જે બંને કેમેરાની કુલ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/– તેમજ તેમના કેમેરાના લેન્સ (૧)MODEL-SONY 24-70 GM2 (૨) MODEL-SONY 70-200 GM2 તથા (૩) MODEL-SONY 50-1.2 મોડલના ત્રણ લેન્સ કુલ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/– લઈ જઈ, નિમેષભાઈ પૌણીકર એ અવાર–નવાર પરત માંગતા છતા પરત નહી આપી નિમેષભાઈ પૌણીકર સાથે વિશ્વાઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી વિ.સી.પરમાર ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ હેમલ કનુભાઈ પટેલ(ઉ.વ.૩૫)(રહે.ઓસ્કાર એલેન્જા, દેવસ્ય સ્કુલની બાજુમા, નિકોલ) એ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન કોઈ અજાણી વ્યક્તિએ હેમલ પટેલના વોટ્સએપ મોબાઈલમાં ખોટા નામથી "RTO Challan.apk" નામની ફાઈલ મોકલી તેમના મોબાઈલનો એક્સેસ મેળવી લઈ, હેમલ પટેલના બેન્ક એકાઉન્ટ તથા પાસવર્ડની માહિતી મેળવી તેમના HDFC બેંકના ખાતામાંથી તેમજ તેમના પત્નીના HDFC બેંકના જોઈન્ટ ખાતામાંથી IMPS મારફતે કુલ રૂપિયા ૯,૯૯,૬૪૬/– ટ્રાન્સફર કરી લઈ હેમલ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૮૬૩/૨૦૨૬**

દાણીલીમડાઃ સુનિતાબહેન નાગજીભાઈ પરમાર (ઉ.વ.૨૮)(રહે.રામરહીમનો ટેકરો કેલીકો મીલ પાછળ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

ઓઢવઃ ભૌમીક સ/ઓ જયંતીભાઈ પટેલ (ઉ.વ.૨૬)(રહે.શ્રેયા રેસીડેન્સી કાકા ભાજીપાંઉ પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૬ સવારના ૬/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી